**ભારતના પ્રધાનમંત્રીની ભૂટાનની રાજકીય યાત્રા અંગે સંયુક્ત પ્રેસ રિલીઝ (11-12 નવેમ્બર, 2025)**

**12 નવેમ્બર, 2025**

ભૂટાનના રાજા મહામહિમ જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુકના આમંત્રણ પર, ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી 11-12 નવેમ્બર 2025 દરમિયાન ભૂટાનની બે દિવસીય રાજકીય મુલાકાતે હતા.

2. આ મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી મોદી 11 નવેમ્બર 2025ના રોજ ચાંગલિમિથાંગ ખાતે મહામહિમ ચતુર્થ દ્રુક ગ્યાલ્પો (ભૂતાનના રાજા)ની 70મી જન્મજયંતિની ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે ભૂટાનના લોકો સાથે જોડાયા હતા. પ્રધાનમંત્રી મોદીએ થિમ્પુમાં ચાલી રહેલ વૈશ્વિક શાંતિ પ્રાર્થના મહોત્સવમાં પણ ભાગ લીધો હતો. ભૂટાનના મહામહિમ રાજાએ ઉત્સવ દરમિયાન જાહેર શ્રદ્ધા માટે થિમ્પુમાં ભારતમાંથી લાવવામાં આવેલ ભગવાન બુદ્ધના પવિત્ર પિપરહવા અવશેષોની હાજરીની પ્રશંસા કરી હતી.

3. પ્રધાનમંત્રી મોદીએ મહામહિમ રાજા અને મહામહિમ ચતુર્થ દ્રુક ગ્યાલ્પો સાથે મુલાકાત કરી અને ભૂટાનના પ્રધાનમંત્રી દાશો ત્શેરિંગ ટોબગે સાથે વાતચીત કરી. નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય સહકારના મુખ્ય ક્ષેત્રો અને પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી.

4. 10 નવેમ્બરના રોજ દિલ્હીમાં થયેલા વિસ્ફોટમાં થયેલા જાનમાલના દુ:ખદ નુકસાન બદલ મહામહિમ રાજાએ શાહી સરકાર અને ભૂટાનના લોકો વતી હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોની ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી. ભારતીય પક્ષે ભૂટાનના સમર્થન અને એકતાના સંદેશની પ્રશંસા કરી.

5. પ્રધાનમંત્રી મોદીએ ભૂટાનની 13મી પંચવર્ષીય યોજના, જેમાં આર્થિક પ્રોત્સાહન કાર્યક્રમનો સમાવેશ થાય છે, તેની મુખ્ય વિકાસ પ્રાથમિકતાઓ પ્રાપ્ત કરવામાં અને સમગ્ર ક્ષેત્રોમાં ટકાઉ વિકાસને આગળ વધારવામાં ભૂટાનને સક્રિય રીતે સહાય કરવા માટે ભારતની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. ભૂટાન તરફથી 13મી પંચવર્ષીય યોજના સમયગાળા દરમિયાન ભૂટાનમાં અમલમાં મુકાયેલા વિવિધ પ્રોજેક્ટમાં ભારતની સહાય અને દેશના વિકાસમાં તેમના યોગદાનની પ્રશંસા કરાઈ.

6. પ્રધાનમંત્રી મોદીએ ગેલેફુ માઇન્ડફુલનેસ સિટી માટે મહામહિમના વિઝનને સાકાર કરવા માટે ભારત સરકારનો સંપૂર્ણ ટેકો વ્યક્ત કર્યો. તેમણે ગેલેફુમાં રોકાણકારો અને મુલાકાતીઓની સરળ

અવરજવરને સરળ બનાવવા માટે આસામના હાથીસર ખાતે ઇમિગ્રેશન ચેકપોઇન્ટ સ્થાપિત કરવાના નિર્ણયની જાહેરાત કરી. ગ્યાલસુંગ એકેડેમીના નિર્માણ માટે ભારત સરકારના સમર્થનની પ્રશંસા કરી.

7. 11 નવેમ્બર, 2025ના રોજ, ભગવાન બુદ્ધના પવિત્ર પિપરહવા અવશેષોની હાજરીમાં, મહામહિમ રાજા અને પ્રધાનમંત્રી મોદીએ સંયુક્ત રીતે 1020 MW (મેગાવોટ) ના પુનત્સંગચુ–II હાઇડ્રોપાવર પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રોજેક્ટ ભૂટાન અને ભારત વચ્ચે જળવિદ્યુત ક્ષેત્રમાં મિત્રતા અને અનુકરણીય સહયોગનો પુરાવો છે. તેમણે પુનત્સંગચુ–II થી ભારતમાં વીજળી નિકાસ શરૂ થવાનું સ્વાગત કર્યું. બંને પક્ષોએ માર્ચ 2024 ના ઊર્જા ભાગીદારી પર સંયુક્ત દ્રષ્ટિકોણના અમલીકરણ પર પણ સંતોષ વ્યક્ત કર્યો હતો.

8. નેતાઓએ 1200 MW ના પુનત્સંગચુ–I હાઇડ્રોપાવર પ્રોજેક્ટના મુખ્ય બંધ માળખા પર કામ ફરી શરૂ કરવા માટે થયેલા કરારનું સ્વાગત કર્યું અને તેના વહેલા પૂર્ણ થવા તરફ કામ કરવા સંમતિ વ્યક્ત કરી. પૂર્ણ થયા પછી, પુનત્સંગચુ–I બંને સરકારો દ્વારા સંયુક્ત રીતે વિકસિત સૌથી મોટો જળવિદ્યુત પ્રોજેક્ટ હશે.

9. તેઓએ ભૂટાનમાં જળવિદ્યુત પ્રોજેક્ટમાં ભારતીય કંપનીઓની સક્રિય ભાગીદારીનું સ્વાગત કર્યું. ભૂટાનના પક્ષે ભૂટાનમાં ઊર્જા પ્રોજેક્ટને નાણાં પૂરા પાડવા માટે ભારત સરકાર દ્વારા ₹40 બિલિયનની રાહત લોન સહાયની જાહેરાતની પ્રશંસા કરી હતી.

10. બંને પક્ષોએ ક્રોસ બોર્ડર કનેક્ટિવિટીમાં સુધારો કરવા અને એકીકૃત ચેક પોસ્ટની સ્થાપના સહિત સરહદી માળખાગત સુવિધામાં વધારો કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે નવેમ્બર 2024 માં દરંગા ખાતે ઇમિગ્રેશન ચેક પોસ્ટ અને માર્ચ 2025 માં જોગીગોફા ખાતે ઇનલેન્ડ વોટરવે ટર્મિનલ અને મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ પાર્કના કાર્યરત થવાનું સ્વાગત કર્યું. બંને પક્ષોએ સપ્ટેમ્બર 2025 માં ક્રોસ-બોર્ડર રેલ લિંક્સ (ગેલેફુ–કોકરાઝાર અને સમત્સે–બનારહાટ) ની સ્થાપના પર સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવાનું અને પ્રોજેક્ટના અમલીકરણ માટે પ્રોજેક્ટ સ્ટિયરિંગ સમિતિની સ્થાપનાનું પણ સ્વાગત કર્યું.

11. ભૂટાનના પક્ષે ભૂટાનને આવશ્યક ચીજવસ્તુઓ અને ખાતરોના અવિરત પુરવઠા માટે વ્યવસ્થાને સંસ્થાકીય બનાવવા માટે ભારત સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાંની પ્રશંસા કરી. બંને પક્ષોએ નવી વ્યવસ્થા હેઠળ ભારતથી ખાતરોના પ્રથમ માલના આગમનનું સ્વાગત કર્યું.

12. બંને પક્ષોએ સ્ટેમ, ફિનટેક અને અવકાશના નવા ક્ષેત્રોમાં વધતા સહયોગ પર સંતોષ વ્યક્ત કર્યો. તેમણે UPI ના બીજા તબક્કા પર ચાલી રહેલા કાર્યનું સ્વાગત કર્યું, જે ભારતની મુલાકાત લેનારા

ભૂટાનના મુલાકાતીઓને QR કોડ સ્કેન કરીને સ્થાનિક મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને ચુકવણી કરવાની મંજૂરી આપશે. તેમણે અવકાશ સહકાર પર સંયુક્ત કાર્ય યોજનાના અમલીકરણ પર સંતોષ વ્યક્ત કર્યો. તેમણે ભૂટાનમાં STEM શિક્ષણ અને આરોગ્યસંભાળ સેવાઓને વધારવામાં ભારતીય શિક્ષકો અને નર્સોના અમૂલ્ય યોગદાનની પણ પ્રશંસા કરી.

13. બંને નેતાઓએ રાજગીરમાં રોયલ ભૂટાન મંદિરના અભિષેક અને ભૂટાન મંદિર અને ગેસ્ટ હાઉસના નિર્માણ માટે વારાણસીમાં જમીન પૂરી પાડવાના ભારત સરકારના નિર્ણયનું સ્વાગત કર્યું હતું.

14. મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા:

a. નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રમાં સહયોગ પર ભૂટાન સરકારના ઊર્જા અને કુદરતી સંસાધન મંત્રાલય (RGoB) અને ભારત સરકારના નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (GoI) વચ્ચે સમજૂતી કરાર;

b. ભૂટાન સરકારના આરોગ્ય મંત્રાલય અને ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય વચ્ચે આરોગ્ય અને દવા ક્ષેત્રમાં સહકાર અંગે સમજૂતી કરાર ;

c. સંસ્થાકીય જોડાણો બનાવવા અંગે PEMA સચિવાલય અને ભારત સરકારના રાષ્ટ્રીય માનસિક સ્વાસ્થ્ય અને ન્યુરોસાયન્સ સંસ્થા વચ્ચે સમજૂતી કરાર.

15. ભૂટાન–ભારત ભાગીદારી ઊંડા વિશ્વાસ, હૂંફાળા મૈત્રી સંબંધો પરસ્પર આદર અને તમામ સ્તરે સમજણ પર આધારિત છે અને તે લોકોથી લોકોના પરસ્પર મજબૂત સંબંધો તેમજ ગાઢ આર્થિક અને વિકાસલક્ષી સહયોગ દ્વારા વધુ મજબૂત બને છે. આ મુલાકાતથી બંને દેશો વચ્ચે નિયમિત ઉચ્ચ–સ્તરીય આદાન-પ્રદાનની પરંપરાને પુનઃપુષ્ટિ મળી, અને બંને પક્ષો ભવિષ્યમાં આ ચાલુ રાખવા સંમત થયા.

**થિમ્પુ**

**12 નવેમ્બર, 2025**